**કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી**

**બ્લોક નં.૯, ૧ લો માળ, ડો.જીવરાજ મહેતા ભવન,**

**સેક્ટર ૧૦ બી,ગાંધીનગર.-૩૮૨૦૧૦**

ક્રમાંક: ૪૯/મકમ/મ-૯/૨૦૨૨/ ૪૪૫૫-૯૯ તા.૦૨/૦૬/૨૦૨૨

<u>ખાસ અગત્યનું તાત્કાલિક</u>

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

જિ. તમામ.

વિષય :સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના મદદનીશ શિક્ષકોનો તા.૦૮/૦૬/૨૨ અને તા.૦૯/૦૬/૨૨ના રોજ યોજાનાર રાજ્યકક્ષાના ફેરબદલી કેમ્પમાં સામાન્ય વહિવટ વિભાગના તા.૧૬/૧૦/૨૦૨૧ના પરિપત્રની જોગવાઈ લાગુ પાડવા બાબત.

સંદર્ભ : (૧) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક : ૪૯/મકમ/મ-૯/૨૦૨૨/૪૦૧૮-૫૧, તા.૧૯/૦૫/૨૦૨૨

(૨) શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક: સમશ-૧૦૨૦૨૨-૧૦૯૪-ગ.૧, તા.૩૧/૦૫/૨૦૨૨

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ફરજ બજાવતા મદદનીશ શિક્ષક/ શિક્ષણ સહાયકના જિલ્લા ફેરબદલી કેમ્પ માટેની કાર્યપધ્ધતિ અને સૂચનાઓ અગાઉ આ કચેરીના સંદર્ભ (૧) થી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને મોકલવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના સંદર્ભ (૨) દર્શિત પત્રથી સામાન્ય વહિવટ વિભાગના તા.૧૬/૧૦/૨૦૨૧ના પરિપત્રની જોગવાઈ લાગુ પાડવા બાબતે મંજુરી આપેલ છે. જે સંદર્ભે સદર <u>કેમ્પ અંગે નીચે મુજબની સુચના ધ્યાને લેવાની રહેશે અને આપની તાબા હેઠળની શાળાઓ/સંસ્થાઓમાં તાત્કાલિક જાણ કરવાની રહેશે. તા.03/06/૨૦૨૨ સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આવી અરજીઓ પ્રમાણીત કરીને ઈ.મેલ દ્વારા સાંજના ૬:00 સુધીમાં અત્રેની કચેરીએ મોકલી આપવાની રહેશે.</u> તેમજ કેમ્પની તારીખ સુધીમાં અસલ અરજી/પરિશિષ્ટ પ્રમાણપત્રો અત્રેની કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

dsp

**<u>અગત્યની સુચનાઓ તેમજ અરજીની સાથે જોડવાની વિગતો:-</u>**

(૧) સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક મદદનીશ શિક્ષક/શિક્ષણ સહાયકોના પતિ/પત્ની જો <u>રાજ્ય સરકારના બોર્ડ, કોર્પોરેશન, અનુદાનિત સંસ્થાઓમાં સરકારશ્રીની સીધી પગાર યોજના હેઠળ</u> પગાર મેળવતા પૂર્ણ સમયના કાયમી/ફિક્સ પગારના કર્મચારી હોય તો તેઓને વિધવા, દિવ્યાંગ, સરકારી શિક્ષક દંપતિ, સરકારી દંપતિ, ગંભીર બિમારી બાદ ફેરબદલી કેમ્પમાં અગ્રતા આપવામાં આવશે. જે અંગે સત્વરે આ સાથે જોડેલ પરિશિષ્ટ(૪/૫/૬) મુજબનું લાગુ પડતું પ્રમાણપત્ર આપની કક્ષાએથી પ્રમાણિત કરી મોકલવાનું રહેશે. જેઓએ અગાઉ અરજી કરેલ છે અને સૂચના ન હોવાના કારણે

Scanned with CamScanner

પરિશિષ્ટ રજૂ કરેલ નથી અને સદર અગ્રતાનો લાભ લેવા ઈચ્છુક સદર કેમ્પના ઉમેદવાર શિક્ષકોનુ માત્ર પરિશિષ્ટ(૪/૫/૬) પ્રમાણિત કરી મોકલવું. પુનઃ અરજી કરવાની જરૂર નથી.

(૨) સામાન્ય વહિવટ વિભાગના તા.૧૬/૧૦/૨૦૨૧નાં પરિપત્રની જોગવાઈ નંબર (૩) અનુસાર ફિક્સ પગારના પુરુષ કર્મચારી સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકનાં પત્ની જો સરકારી શિક્ષિકા, સરકારી અધિકારી/કર્મચારી તેમજ રાજ્ય સરકારના બોર્ડ, કોર્પોરેશન, અનુદાનિત સંસ્થાઓમાં સરકારશ્રીની સીધી પગાર યોજના હેઠળ પગાર મેળવતા પૂર્ણ સમયના કાયમી/ફિક્સ પગારના કર્મચારી હોય તો સદર કેમ્પમાં તેઓને ફિક્સ પગારની નોકરીનું કેમ્પની તારીખે એક વર્ષ પૂર્ણ થયેલ હોય તો તેઓ તા.૦૮/૦૬/૨૦૨૨ અને તા.૦૯/૦૬/૨૦૨૨નાં સદર કેમ્પમાં ઉમેદવારી નોંધાવી શકશે. તેમજ નિયમોનુસાર અગ્રતાનો લાભ મેળવી શકશે..

dsp

(૩) સદર કેમ્પના ઉમેદવારના પતિ/પત્ની કે જેઓ રાજ્ય સરકારના બોર્ડ, કોર્પોરેશન કે નિગમના કર્મચારી છે તેઓએ પોતે નોકરી કરતા હોય તેનો પ્રમાણિત આધાર (નિમણૂક પત્ર), છેલ્લા પગારની સ્લીપની પ્રમાણિત નકલ અને જ્યાં નોકરી કરતા હોય તે કચેરી/સંસ્થાના વડાએ આપેલ પરિશિષ્ટ(૪/૫/૬) અનુસારનું લાગુ પડતું પ્રમાણપત્ર અરજી સાથે રજૂ કરવાનું રહેશે.

(૪) દંપતિ હોવાના આધારો (૧) મેરેજ સર્ટિફિકેટ (૨) આધાર કાર્ડની નકલ (૩) ચૂંટણી કાર્ડની નકલ અથવા અન્ય માન્ય પુરાવાની પ્રમાણીત નકલ અરજી સાથે રજુ કરવાની રહેશે. (કોઈપણ એક)

બિડાણ :- ઉપર મુજબ

(ડૉ.બહાદુરસિંહ સોલંકી)
નાયબ શિક્ષણ નિયામક
(મહેકમ)
ગુ.રા.,ગાંધીનગર

Scanned with CamScanner

## –:: પરિશિષ્ટ- ૪ ::–

## –:: શિક્ષક દંપતિ તરીકે અગ્રતાનો લાભ મેળવવાના કિસ્સામાં આપવાનું પ્રમાણપત્ર ::–

(રાજ્ય કક્ષાના સરકારી શિક્ષક ફેરબદલી કેમ્પમાં ઉમેદવારી નોંધાવેલ મદદનીશ શિક્ષક/ શિક્ષણ સહાયકના પતિ/પત્નિ સરકારી માધ્યમિક / ઉ.મા. શાળામાં મદદનિશ શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવતા હોય તેમણે અગ્રતાનો લાભ લેવાની જરૂરિયાતનાં ભાગ રૂપે રજૂ કરવાનું પ્રમાણપત્ર)

આથી હું ____________________ આચાર્ય ____________________ શાળા પ્રમાણપત્ર આપું છું કે, શ્રી ____________________ અમારી શાળામાં તારીખ__________ થી સરકારશ્રીની સીધી પગાર યોજના હેઠળ મળતાં પગારથી પૂર્ણ સમયનાં મદદનીશ શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવે છે. તેમના પતિ/ પત્નિએ રાજ્ય કક્ષાના સરકારી શિક્ષક ફેરબદલી કેમ્પમાં ઉમેદવારી નોંધાવેલ હોઈ, અગ્રતાનો લાભ લેવાની જરૂરિયાતનાં ભાગ રૂપે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

dsp

તારીખ ____________

સ્થળ ____________

(સરકારી માધ્યમિક/ ઉ.મા. શાળાના
આચાર્યશ્રીના સહી/ સિક્કા)

## –:: જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ આપવાનું પ્રમાણપત્ર::–

આથી પ્રમાણપત્ર આપું છું, કે શ્રી____________________ જિલ્લા/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી,____________________ના તાબા હેઠળની શાળામાં સરકારશ્રીની સીધી પગાર યોજના હેઠળ મળતાં પગારથી પૂર્ણ સમયનાં મદદનીશ શિક્ષક / શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવે છે. તેમનાં પતિ/ પત્નિએ રાજ્યકક્ષાનાં શિક્ષક ફેરબદલી કેમ્પમાં ઉમેદવારી નોંધાવેલ હોઈ, અગ્રતાનો લાભ લેવાની જરૂરિયાતનાં ભાગરૂપે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

તારીખ ____________

સ્થળ ____________

સહી/–
જિલ્લા શિક્ષણાધિકારી/
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લો
(સિક્કા)

Scanned with CamScanner

## –:: પરિશિષ્ટ - ૫ ::–

## –:: દંપતિ તરીકે અગ્રતાનો લાભ મેળવવાના કિસ્સામાં આપવાનું પ્રમાણપત્ર ::–

**(રાજ્ય કક્ષાના સરકારી શિક્ષક ફેરબદલી કેમ્પમાં ઉમેદવારી નોંધાવેલ મદદનીશ શિક્ષક/ શિક્ષણ સહાયકના પતિ/પત્નિ બીન સરકારી અનુદાનિત શાળા/સંસ્થામાં ફરજ બજાવતા હોય તેમણે અગ્રતાનો લાભ લેવાની જરૂરિયાતનાં ભાગ રૂપે રજૂ કરવાનું પ્રમાણપત્ર)**

આથી હું ____________ આચાર્ય ____________ શાળા પ્રમાણપત્ર આપું છું કે, શ્રી ____________ અમારી બિનસરકારી અનુદાનિત (ગ્રાન્ટ ઈન એઈડ) શાળામાં તારીખ____________ થી સરકારશ્રીની સીધી પગાર યોજના હેઠળ મળતાં પગારથી પૂર્ણ સમયનાં કર્મચારી તરીકે ફરજ બજાવે છે. તેમના પતિ/ પત્નીએ રાજ્ય કક્ષાના સરકારી શિક્ષક ફેરબદલી કેમ્પમાં ઉમેદવારી નોંધાવેલ હોઈ, અગ્રતાનો લાભ લેવાની જરૂરિયાતનાં ભાગ રૂપે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

dsp

તારીખ ____________

સ્થળ ____________

સંલગ્ન ગ્રાન્ટ - ઈન-એઈડ શાળાનાં
(આચાર્યશ્રીના સહી/ સિક્કા)

## –:: કચેરીના વડાએ આપવાનું પ્રમાણપત્ર ::–

આથી પ્રમાણપત્ર આપું છું. કે શ્રી____________ જિલ્લા શિક્ષણાધિકારી/પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી,____________ ના તાબા હેઠળની બિનસરકારી અનુદાનિત (ગ્રાન્ટ ઈન એઈડ) ____________ શાળામાં સરકારશ્રીની સીધી પગાર યોજના હેઠળ મળતાં પગારથી પૂર્ણ સમયનાં કર્મચારી તરીકે ફરજ બજાવે છે. તેમનાં પતિ/ પત્નિએ રાજ્યકક્ષાનાં શિક્ષક ફેરબદલી કેમ્પમાં ઉમેદવારી નોંધાયેલ હોઈ, અગ્રતાનો લાભ લેવાની જરૂરિયાતનાં ભાગરૂપે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

તારીખ ____________

સ્થળ ____________

જિલ્લા શિક્ષણાધિકારી/
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લો
(સિક્કા)

Scanned with CamScanner

## -:: પરિશિષ્ટ - ૬ ::-

## -:: દંપતિના કિસ્સામાં આપવાનું પ્રમાણપત્ર ::-

(રાજ્ય કક્ષાના સરકારી શિક્ષક ફેરબદલી કેમ્પમાં ઉમેદવારી નોંધાવેલ મદદનીશ શિક્ષક/ શિક્ષણ સહાયકના પતિ/પત્નિ રાજ્ય સરકારના બોર્ડ, કોર્પોરેશન કે નિગમના અધિકારી/કર્મચારી તરીકે ફરજ બજાવતા હોય તેમણે અગ્રતાનો લાભ લેવાની જરૂરિયાતનાં ભાગ રૂપે રજૂ કરવાનું પ્રમાણપત્ર)

dsp

આથી (નામ) ______________________ હોદ્દો ______________ તરીકે (કચેરી/સંસ્થાનું નામ) ______________________ ખાતે તારીખ______________ થી ફરજ બજાવે છે. જેઓની નિમણૂક સરકારશ્રીની સીધી પગાર યોજના અંતર્ગત કાયમી અને નિયમિત પગારદાર અધિકારીશ્રી/કર્મચારીશ્રી તરીકેની છે. તેઓની નિમણૂક પ્રવાસી, હંગામી, કરાર આધારીત નથી. તેમનાં પતિ/ પત્નિએ રાજ્યકક્ષાનાં શિક્ષક ફેરબદલી કેમ્પમાં ઉમેદવારી નોંધાયેલ હોઈ, અગ્રતાનો લાભ લેવાની જરૂરિયાતનાં ભાગરૂપે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

તારીખ ______________

સ્થળ ______________

(કચેરીના વડા/ સક્ષમ અધિકારી (વર્ગ-૧)ના

સહી/ સિક્કા)

Scanned with CamScanner